આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **16-11-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---------------------------------------------------

## પ્રધાનમંત્રી : ઝારખંડ-જમુઇ : બિરસા મુંડા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, એનડીએ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા જનજાતિય સમુદાયને શિક્ષણ, સારવાર અને રોજગારી પૂરી પાડવાની છેતેમણે જણાવ્યું કે ., સરકારે વિવિધ કલ્યાણ યોજનાઓ શરૂ કરીને જનજાતિય સમુદાયને મુખ્યધારામાં લાવવાનું કાર્ય કર્યું છે પ્રધાનમંત્રીએ બિહારનાં જમુઇ જિલ્લામાં .6 હજાર 600 કરોડ રૂપિયાથી વધુનાં વિકાસકાર્યોનું ઉદઘાટન કર્યા બાદ એક જાહેર સભાને સંબોધતા જણાવ્યું કે, તેમની સરકાર સિકલ સેલ રોગ નાબૂદ કરવા ગંભીરતાથી કામ કરી રહી છે અને 700થી વધુ એકલવ્ય શાળાઓ, આદિવાસી સંશોધન કેન્દ્રો અને યુનિવર્સિટીઓ ખોલી છેશ્રી મોદીએ જણાવ્યું કે ., તેમની સરકાર જનજાતિય સમુદાયનાં વારસા અને સંસ્કૃતિની જાળવણી કરવા પ્રતિબધ્ધ છે.

**RNU** અમદાવાદ

---

## મુખ્યમંત્રી : ડાંગ : બિરસા મુંડા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યકક્ષાના જનજાતિય ગૌરવ દિવસની ડાંગ ખાતે થયેલી ઉજવણીમાં 102 કરોડ 87 લાખ રૂપિયાના 37 વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યું હતું. 568 જેટલા લાભાર્થીઓને બે કરોડ 34 લાખના યોજનાકીય લાભો એનાયત કરાયા.

બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ડાંગમાં યોજાયેલા રાજ્યકક્ષાના જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વાતંત્ર્ય સંગ્રામના આદિવાસી અગ્રીમ યોદ્ધા બિરસા મુંડાની મહાત્મા બનવા સુધીની યાત્રાની ઝાંખી કરાવી હતી. તેમણે કહ્યું હતું કે આજે આદિજાતિ વિકાસમાં ગુજરાત રાજ્ય અગ્રેસર છે, તેમણે કહ્યું કે આદિવાસી વિસ્તારના વિકાસના કાર્યો નાણાંના અભાવે ક્યારેય અટકશે નહીં.

આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડીંડોરે બિરસા મુંડાની જન્મજયંતીની ઉજવણીની વિસ્તૃત માહિતી આપી હતી.

**RNU અમદાવાદ**

---

## મુખ્યમંત્રી : મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પ્રચાર

મહારાષ્ટ્રમાં 20 નવેમ્બરે એક તબક્કામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પૂર્વે તમામ મુખ્ય રાજકીય પક્ષોના ટોચના નેતાઓએ દ્વારા ચૂંટણી પ્રચાર વેગીલો બનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મુંબઈમાં ચાર જનસભાઓને સંબોધશે. તેઓ દહીસર વિધાનસભા વિસ્તારમાં ગુજરાતી ગુજરાત વ્યાપાર સમુદાય સાથે "ચાય પે ચર્ચા"માં  સહભાગી થઈને મુંબઈમાં તેમના ચૂંટણી પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે. શ્રી પટેલ ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સભ્યો સાથે પણ સંવાદ કરશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## રાજ્ય :પોરબંદર : ડ્રગ્સ

ભારતીય નૌકા દળે ગુજરાતનાં ત્રાસવાદ વિરોધી દળ-ATS અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો-NCBની મદદથી પોરબંદરનાં દરિયામાંથી 700 કિલો માદક પદાર્થોનો જથ્થો જપ્ત કર્યો છે, જેનું મૂલ્ય 3500 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. 'સાગર મંથન-4' નામનાં આ અભિયાનમાં  આઠ ઇરાની ડ્રગ પેડલરની ધરપકડ કરવામાં આવી છે. તમામ ડ્રગ પેડલર અને માદક પદાર્થોને પોરબંદર લાવવામાં આવ્યાં છે. આરોપીઓના રીમાન્ડની માંગણી સાથે પોરબંદરની અદાલતમાં રજૂ કરવામાં આવશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આ ઘટનાને ઐતિહાસિક સફળતા ગણાવીને આ અભિયાનમાં જોડાયેલી એજન્સીઓને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી શાહે જણાવ્યું કે, એનસીબી, ભારતીય નૌકા દળ અને ગુજરાત પોલિસનું આ સંયુક્ત અભિયાન નશા મુક્ત ભારતનાં સપનાને સાકાર કરવાની સરકારની પ્રતિબધ્ધતાનુ ઉદાહરણ છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા 9 મહિનામાં પોરબંદરના દરિયામાંથી 3,600 કિલોથી વધુનાં કેફી પદાર્થોનો જથ્થો ઝડપાયો છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ : ધોરડો-રોટ ટુ હેવન : પ્લાસ્ટિક મુક્ત

વિશ્વ વિખ્યાત પ્રવાસન સ્થળ કચ્છના ધોરડોના સફેદ રણ તેમજ રોડ ટુ હેવન વિસ્તારમાં કુદરતી સૌદર્ય જળવાઇ રહે તે માટે જિલ્લા કલેક્ટરે તા.13 જાન્યુઆરી 2025 સુધી આ બંને વિસ્તારને ‘પ્લાસ્ટિક ફ્રી ઝોન’ જાહેર કર્યા છે.

માહિતી

---

## રાજય : ઉત્તર ગુજરાત : ભૂકંપનો આંચકો

ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં ગઇકાલે રાત્રે 10 અને 16 મિનિટે ભૂકંપનો આંચકો અનુભવાયો છે. રિક્ટર સ્કેલ પર 4.2ની તીવ્રતાનો આંચકો પાટણ, પાલનપુર, મહેસાણા, અમદાવાદ સહિતના શહેરોમાં અનુભવાયા હતા. જેનું એપી સેન્ટર પાટણથી 13 કિલોમીટર દૂર ચાણસ્મા તાલુકાના સેવાળા ગામમાં નોધાયું હતું.

**N.P. / આશુતોષ અંતાણી**

---

## કચ્છ : હવામાન

કચ્છમાં વિષમ વાતાવરણનો માહોલ યથાવત રહ્યો છે. દિવસભર ગરમી જ્યારે મોડી રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાઇ રહ્યો છે. જિલ્લામાં ન્યૂનતમ ઉષ્ણતામાન 20 ડિગ્રી નીચે રહેતાં મોડી રાત્રે ગુલાબી ઠંડક અનુભવાઇ હતી. રાજ્યમાં અમરેલીમાં 17 ડિગ્રી બાદ બીજા ક્રમે ઠંડા રહેલા નલિયામાં લઘુતમ તાપમાન 17.5 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે જિલ્લા મથક ભુજમાં લઘુત્તમ તાપમાન 19.9 ડિગ્રી નોંધાયું હતું. જિલ્લામાં મહત્તમ ઉષ્ણતામાન 34થી 35.4 ડિગ્રી વચ્ચે રહ્યું હતું.

**N.P. / આશુતોષ અંતાણી**

---

## ક્રિકેટ

પ્રવાસી ભારતે દક્ષિણ આફ્રિકાને જોહનીસબર્ગ ખાતે રમાયેલી ચોથી અને અંતિમ ટી 20 મેચમાં 135 રને હરાવી શ્રેણી 3 વિરુદ્ધ એકથી જીતી લીધી છે. ભારતે એક વિકેટ ગુમાવી 283 રન કર્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ 148 રન કરી શકી હતી.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------